## પાલનપુરમાં ગૌરવ યાત્રામાં મુખ્યમંત્રીનો હૂંકાર

# કોંગ્રેસ માટે વિકાસ મજાક હશે, અમારા માટે મિજાજ છે : રૂપાણી

### વિરોધ કરતા કોંગ્રેસ-આપ, આશા-આંગણવાડી વર્કરોની અટકાયત : સીડી તૂટી પડતા કેન્દ્રીય મંત્રી સહિતના ભાજપી અગ્રણીઓ ગબડી પડ્યા

ભાજપની ગુજરાત ગૌરવ યાત્રાને લઈને મુખ્યમંત્રી વિજય રૂપાણી પાલનપુર આવી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ માટે વિકાસએ મજાક છે. જયારે અમારા માટે વિકાસ એ મિજાજ છે.

વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપે ગુજરાત ગૌરવ યાત્રા યોજી છે. જે યાત્રા આજે બનાસકાંઠામાં આવી પહોંચી હતી. પાલનપુર ખાતે યાત્રાનું બાઈક રેલી યોજી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે જન સભાને સંબોધતા સી.એમ. રૂપાણીએ વિકાસના મુદ્દે ફરીથી જનાદેશ મેળવવાની વાત દોહરાવી હતી. તેઓએ ભાજપ ના રાજમાં થયેલા વિકાસની ગાથા રજૂ કરી હતી. તેઓએ વિકાસને મજાક બનાવનાર કોંગ્રેસ ને આડે હાથ લઈ વેધક પ્રહારો કર્યા હતા.

વિકાસના એજન્ડા સાથે ગામડા ખૂંદી રહેલા સી.એમ.એ વિકાસ યાત્રાને સાર્વત્રિક આવકાર સાંપડી રહ્યો હોવાનો દાવો કર્યો હતો. જોકે, પાલનપુરમાં ગૌરવ યાત્રાને કોંગ્રેસ-આપ, આશા વર્કરો અને આંગણવાડી કાર્યકરોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. જયારે સ્ટેજ પરની સીડી તૂટી પડતા કેન્દ્રીય મંત્રી હરિ ચૌધરી



સહિતના ભાજપી અગ્રણીઓ ગબડી પડતા વિકાસ ગોથે ચડ્યો હોવાની રમુજ વહેતી થઈ હતી.

**વિકાસ ગબડી પડ્યો**

પાલનપુરમાં ગૌરવ યાત્રાની જનસભા સંપન્ન થયા બાદ સી.એમ.રૂપાણી મિડિયા સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. ત્યારે પ્રસિદ્ધિની ઘેલછામાં સી.એમ. ની પાછળ મોટી સંખ્યામાં ભાજપી અગ્રણીઓ ઉભા રહેતા સ્ટેજ પરની સીડી તૂટી પડી હતી. જેથી કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા સહિતના ભાજપ અગ્રણી ઓ ગબડી પડ્યા હતા. જેને લઈને પાલનપુરમાં ગાંડો થયેલો વિકાસ ગબડી પડ્યો હોવાની રમુજભરી વાતો વહેતી થઈ હતી.

**વિરોધીઓની કરી અટકાયત**

પાલનપુરમાં ગૌરવ યાત્રાનો વિરોધ કરવા જોરાવર પેલેસ પાસે કોંગ્રેસ ના કાર્યકરો એકત્ર થયા હતા. ગૌરવ યાત્રાના આગમન પૂર્વે વિરોધ કરવા જતા કોંગ્રેસના ૩૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરાઈ હતી. જયારે આશા અને આંગણવાડી બહેનોની પણ અટકાયત કરી હતી. જયારે ગુરુ નાનક ચોક ખાતે કાળા વાવટા ફરકાવી સરકાર વિરોધી બેનરો પ્રદર્શિત કરવા જતા આમ આદમી પાર્ટીના કાર્યકરોની પણ અટકાયત કરાઈ હતી. જેઓને પોલીસ હેડ ક્વાટર્સ લઈ જવાયા હતા. જ્યાં પીવાના પાણીની પણ વ્યવસ્થા ન હોવાથી હોબાળો થયો હતો. આ લોકોને મોડી સાંજ સુધી મુક્ત કરાયા ન હોવાના અહેવાલ સાંપડ્યા છે.

# ભિલોડમાં નવા ઉમેદવારને તક આપવા કોંગ્રેસમાં માંગણી

ભિલોડા, તા. ૧૦

ગુજરાતમાં વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીની ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષો દ્વારા ઉમેદવાર પસંદગી માટે ગતિવિધિ તેજ કરી દેવામાં આવી છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ભિલોડા-મેઘરજ વિધાનસભાની બેઠક માટે લગભગ કોંગ્રેસ ના સીટિંગ ધારાસભ્યની ટિકિટ નક્કી છે. ત્યારે ભિલોડા-મેઘરજના કોંગ્રેસી કાર્યકરો દ્વારા સતત એક નેક ઉમેદવારને રિપીટ કરવા કરતા અન્ય કોઈ યુવા ચહેરાને ટિકિટ આપવામાં આવે તેવી લોક માંગી પ્રબળ બની છે. અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી જિલ્લા સહીત ભિલોડા-મેઘરજ સહીત આદિવાસી સમાજમાં લોકપ્રિય ચહેરો અને જિલ્લા પંચાયત નું સુકાન સાંભળ્યા પછી જિલ્લા સહીત આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોના વિકાસ માટે સતત પ્રયતશીલ અને સફળ રહેતા ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક પરથી પ્રબળ દાવેદાર અને જંગી બહુમતીથી વિજેતા બનવાની સાથે કોંગ્રેસ પક્ષ માટે સફળ નેતૃત્વ કરી શકે તેવી પ્રતિભા હોવાથી કાર્યકરો દ્વારા યુવાન ચહેરાને ટિકિટ ફાળવવા માટે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીને યોગ્ય ઉમેદવાર હોવાનું જણાવી રહ્યા છે.

કોંગ્રેસના ઉપધ્યાક્ષ રાહુલ ગાંધી દ્વારા યોજાયેલ લોક સંવાદમાં મૂળ કોંગ્રેસી વિચારધારા ધરાવતા અને કોંગ્રેસ સમર્પિત લોકોને ટિકિટ આપવાની વાત કરવામાં કરવામાં આવી છે. ત્યારે પક્ષ પલટો કરતા ઉમેદવારને ટિકિટ આપી ગુજરાત કોંગ્રેસ દ્વારા તો નહિ આપવામાં આવેને તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં અગાઉ પણ ભાજપ દ્વારા મોડાસા-ધનસુરા વિધાનસભા સીટ માટે સતત ૨૦ વર્ષથી જીતતા ઉમેદવારને વિધાનસભા-૨૦૧૨ની ચૂંટણીમાં રિપીટ કરતા ભારે હારનો સામનો કરવો પડ્યો હતો તેવી સ્થિતિનું પુનરાવર્તન ભિલોડા-મેઘરજની બેઠક પર થવાની આશાએ ભાજપ દ્વારા ભિલોડા-મેઘરજ બેઠક સી ગ્રેડ માંથી બી ગ્રેડ માં સમાવિષ્ઠ કરી ભિલોડા-મેઘરજ બેઠક કબ્જે કરવા એડીચોંટીનું જોર લગાવી ભાજપ દ્વારા લોકપ્રિય અને સમાજ સેવી આદિવાસી ક્લાસ-૧ અધિકારી કક્ષા અને યુવા લોકપ્રિય ચહેરો ચૂંટણી મેદાનમાં ઉમેદવાર તરીકે ઉતારવા કમર કશી છે. ત્યારે ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક પર કોંગ્રેસ પક્ષ દ્વારા દબદબો જાળવી રાખવા માટે યુવાન અને લોકપ્રિય આદિવાસી નેતા તરીકે ઉભરી રહેલા અને અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીને ટિકિટ આપવામાં આવે તેવી ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે.

# મોડાસાના પ્રજાજનો બિનઆરોગ્યપ્રદ મીઠાઈઓથી હૃદયરોગ, કેન્સર અને ચામડીના રોગમાં સપડાવાનો ભય

### ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્ર અને આરોગ્ય વિભાગ નિંદ્રધીન

મોડાસા, તા. ૧૦

દિવાળીના પર્વના આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મોડાસા શહેર સહીત



જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નકલી માવામાંથી અને અખાદ્ય સૂકા મેવા, કુત્રિમ કલર અને હાનિકારક કેમિકલ અને એસેન્સનો ઉપયોગ કરી મીઠાઈઓનું બજારમાં ધૂમ વેચાણ થતું હોવાની અને આવી બિનઆરોગ્યપ્રદ મીઠાઈઓથી નગરજનોમાં હૃદયરોગ, કેન્સર અને ચામડીના રોગો જેવી ગંભીર બીમારીઓના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. કેટલાક વેપારીઓ દ્વારા પ્રજાના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરવામાં આવતા હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા અને આરોગ્ય વિભાગ દ્વારા આંખે આડા કાન કરવામાં આવતા લોકો માં ભારે રોષ જોવા મળે છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર,મોડાસા શહેરમાં લોકોના આરોગ્ય સામે આફતરૂપ અને ગંભીર બીમારીઓ તરફ ધકેલનાર મીઠાઈઓના શૉ-રૂમ જેવી ભભકાદાર હાટડીઓ ઠેર ઠેર ખોલી લોકોના આરોગ્ય સામે ખિલવાડ કરવામાં આવી રહ્યો હોવા છતાં ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્ર, આરોગ્ય વિભાગ અને સેનેટરી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કે મીઠાઈઓના નમૂના લઈ તપાસ કરવામાં આવતી નથી અને મીઠાઈઓના નમૂના લેવાની દેખાવ પૂરતી ક્યારેક કાર્યવાહી કરવામાં આવતી હોવાથી સંબંધિત તંત્ર સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. મોડાસામાં આવતા જિલ્લાવાસીઓ અને ગ્રામ્ય વિસ્તારના લોકો સાથે કેટલાક મિઠાઈઓના વેપારીઓ ભોળી પ્રજાને નકલી માવાની મીઠાઈઓ પધરાવી તગડા નાણા વસૂલી છેતરપિંડી કરવામાં આવી રહી છે ત્યારે અરવલ્લી જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ દ્વારા જિલ્લાવાસીઓના આરોગ્ય સામે ખિલવાડ કરતા મીઠાઈના વેપારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવા સંબંધિત તંત્ર સામે લાલ આંખ કરે તેવું જિલ્લા વાસીઓ ઈચ્છી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં ભાજપ આયોજિત ગુજરાત ગૌરવયાત્રા સંદર્ભે આ યાત્રા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આગેવાની હેઠળ મોડાસાના કલ્યાણ ચોકમાં આવી પહોંચી હતી. આ રેલીમાં ઉપસ્થિત મોડાસાની વિવિધ સંસ્થાઓ પૈકી લાયન્સ કલબ ઓફ મોડાસાના પ્રમુખ ભાવેશ જયસ્વાલ (ગોકુલ ટ્રાવેલ્સ) લાયન્સ પરિવાર વતીથી ફુલછડી આપી અભિવાદન કર્યું હતું.




# ગુજરાત ગૌરવ યાત્રાનું પ્રાંતિજ ખાતે સ્વાગત કરાયું

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત ગૌરવ યાત્રા આવી પહોંચી હતી. જેમાં પ્રાંતિજ ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફીયા, વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા સહિત જિલ્લા તાલુકામાંથી ભાજપ આગેવાનો કાર્યકરો સહિત પ્રાંતિ-તલોદમાંથી જનમેદની ઉમટી પડી હતી.

પહેલી ઓક્ટોબર સરદાર પટેલના જન્મ સ્થળ કરમસદથી આરંભ થયેલી ગુજરાત ગૌરવયાત્રા આજે સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે આવી પહોંચી હતી અને પ્રાંતિજ ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ કે.સી. પટેલ, પ્રભારી પ્રદિપસિંહ વાઘેલા, સાંસદ દિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નૃપાંશભાઈ પટેલ, ગજેન્દ્રસિંહ, બાબુભાઈ પટેલ, પ્રાંતિજ નગરપાલિકા કોર્પોરેટરો સહિત પ્રાંતિજ-તલોદમાંથી જનમેદની પણ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી અને પ્રાંતિજ એસટી ડેપો ખાતે જાહેર સભામાં ફેરવાઈ હતી.



# કાંકરેજના શિહોરી-દિયોદર રોડ પર આકોલી પાસે ત્રિપલ અકસ્માત

### વડનગર પી.એમ.ના મેળામાંથી આવતી એસ.ટી. બસના ડ્રાઈવરે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા સ્વીફ્ટ ગાડી અને ટ્રેક્ટર ટ્રોલીને અડફેટે લેતા અફરાતફરી

કાંકરેજ, તા. ૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરી-દિયોદર રોડ ઉપર આકોલી બસ સ્ટેન્ડ પાસે વડનગર પી.એમ. નરેન્દ્ર મોદીના મેળામાંથી આવી રહેલ બસ નં. જીજે.૧૮.૯૦૨૪ના ડ્રાઈવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા નવી નક્કોર સ્વીફ્ટ ગાડી નં. જીજેડબલ્યુ-૮.ટીસી.૪૦/એબી(કંપનીનો નંબર) તેમજ ટ્રેક્ટર ટ્રોલીના ફુરચા બોલાવી દિધા હતા અને સ્વીફ્ટના ચાલકે તેમજ અંદર બેઠેલ અન્ય વ્યક્તિને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જ્યારે ટ્રેક્ટરના ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં શિહોરી ૧૦૮ દ્વારા સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જે સમાચાર વાયુવેગે પ્રસરતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને શિહોરી પીએસઆઈ બી.એમ. કરમટાએ ઘટનાસ્થળ ઉપર આવી ટ્રાફિક હટાવવાની કામગીરી શરૂ કરી હતી. જો કે મોડી રાત સુધી બસને બહાર



કાઢવામાં મુશ્કેલી પડી હતી. ત્યારે મહા મુસીબતે બસ ચોકડીઓમાંથી બહાર કાઢી હતી અને સ્વીફ્ટ ગાડીને રાતોરાત ત્યાંથી હટાવી લેતાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. જ્યારે ટ્રેક્ટર-ટ્રોલી જૈસેથે રોડ ઉપર પડ્યા રહેવા પામ્યા હતા. આમ સ્વીફ્ટ ગાડીના પાછળના ભાગનો ફુરચો બોલી ગયો હતો અને ટ્રોલી-ટ્રેક્ટરને રોડ ઉપર પલ્ટી મારવાથી મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યુ હતુ. જે બાબતે શિહોરી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. સમાચાર લખાય ત્યાં સુધી ટ્રેક્ટરટ્રોલી રોડ ઉપર જોવા મળ્યા હતા.

# એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે ૧૭મો વાર્ષિક મહોત્સવ યોજાયો

### કંપનીમાં કામ કરતાં એમ્પ્લોયને સન્માનિત કરવામાં આવ્યા : દિવસ દરમ્યાન રમત-ગમતના અને રાત્રીના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનાં કાટવાડ ખાતે આવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની દ્વારા ૧૭ મો વાર્ષિક મહોત્સવ યોજાયો હતો. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત કંપનીના એમ્પ્લોઈઝનું સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કાટવાડ પાટીયાં એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે ૧૭મો વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર વર્ષની જેમ સવાર ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી રમત-ગમત સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી અને વિજય થયેલ વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. જયારે રાત્રીનાં સમયે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં ડાન્સ, ગીત, ગ્રુપ ડાન્સ સહિતના કાર્યકમો યોજાયા હતા. જયારે છેલ્લા દસ વર્ષથી કંપનીમાં કામ કરતા એમ્પલોઈઝ એમ્પલોઈઝોને પણ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. જયારે તેમના હોશિયાર બાળકોને પણ ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. જયારે આ પ્રસંગે ચેરમેન કમલેશભાઈ બી. પટેલ, એમ.ડી મુકેશભાઈ જે.પટેલ, સી.એફ.ઓ કાલીદાસભાઈ જે. પટેલ, જયંતિભાઈ પટેલ, જગદીશભાઈ, વિપુલભાઈ, ગીરીશભાઈ, મહેશભાઈ સહિત ઉપસ્થિત રહ્યાં હતા. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કંપનીનાં એચ.આર. નિકુલભાઈ ખંભાતી, કુણાલભાઈ દ્વારા કરવામાં કરવામાં આવ્યું હતું.






## પાલનપુરના ગોઢ ગામમાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

પાલનપુર પંથકમાં અપમૃત્યુના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે ગતરોજ પાલનપુર તાલુકાના ગોઢ ગામમાંથી એક અજાણ્યા ૩૦ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર તાલુકાના ગોઢ ગામની નદીના પટ માંથિવએક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ૩૦ વર્ષીય યુવકના મૃતદેહને ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે, પાલનપુર તાલુકા પોલીસે અજાણ્યા યુવકના મૃતદેહને પી.એમ. માટે મૂકી તેની ઓળખ વીધી માટેની તજવીજ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

અજાણ્યા યુવકે ઝેરી દવા ગટગટાવી હોવાનું પ્રાથમિક અનુમાન થઈ રહ્યું છે. પરંતુ તેના શરીરના કેટલાક ભાગમાં ઈજાના પણ નિશાન હોવાના અહેવાલ મળ્યા છે. મૃતકના હાથ પર દિલમાં એસ.બી.નું લખાણ તથા 'જય અંબે' સાથે ત્રિશુળનું છૂંદણું છૂંદાવેલ છે. ત્યારે મૃતકની હત્યા કે આત્મહત્યા તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

## વિચારસભા ● ૪ પાનાનું ચાલુ...

છે. એ વ્યસ્ત કહે છે પણ મસ્ત બનવાનું ભૂલી જાય છે. ઘર ઑફિસમાં લઈ જાય છે અને ઑફિસથી ઘેર આવતાં પાંચ - છ ફાઈલો બગલમાં ઘાલતો આવે છે જેથી ઘરવાળા ઉપર વટ પડે. બૈરી મનમાં જ ગણગણે છે : તેરી દો ટકિયાકી નોકરી મેરા લાખો કા સાવન જાયે... દાંપત્યજીવનની ફાઈલ ઑફિસની ફાઈલો બંધ કરી નાખે છે. દાંપત્યજીવનની ફાઈલમાં દુ:ખની સહી થઈ જાય છે.

દુ:ખના ઉપાયો ઘણા છે. કોઈના પ્રભાવમાં ન આવો કે અભાવને વશ ન થાવ, સ્વભાવમાં જીવો. કુદરતી જીવન જીવો. ઈશ્વરની નજીક જવું હોય તો કયારેક માણસની નજીક જાય. જે વસ્તુ તમારે જોઈએ છે તે વહેંચવાનું શરુ કરી દો. ધન માટે દાન કરો. સુખ માટે બીજાને સુખી કરો. ખેતરમાં જો આપણે જ બાજરી વાવી હોય તો ત્યાં ઘઉં ઉગ્યા હોય એવું તો હજી સુધી સાંભળ્યું નથી. ગ્રંથિથી મુક્ત થાવ એ જ ધર્મગ્રંથ છે. પુરુષાર્થ અને પ્રારબ્ધ રેલવેના બે પાટા છે. સંસારની ગાડી ચાલવા દો. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ મત્સરની સાંકળ ખેંચાઈ જાય ત્યારે જ ગાડી અટકી જાય છે. સત્ય, અહિંસા, તપ, દયા, અચૌર્ય, અપરિગ્રહથી જ ગાડી રાજધાની બને છે. અસ્તુ.

## મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

બેઉ ફેરવે છે એનું કાંઈ નહીં ?

નવનીતલાલ:- શું કાકા, તમે પણ... (મુઠ્ઠીઓ વાળે છે પણ કશું કહી શકતો નથી )

અબ્દુલ:- વાહ.કાકા વાહ ! પણ તમે આ પસ્તીનું કશું કહ્યું નહીં.

કરશનભાઈ:- પસ્તી ? એ પસ્તી ઘંટીએ જોખવા જવાની છે ? પેલા લારીવાળા મારા બેટા વજનમાં છેતરી લે છે .

અબ્દુલ:- હા. એ ખરું . પણ...

કરશનભાઈ:- જો આપણે દિવાળીની વાત કરતા હતા ને ? તારી કાકીએ વડાપ્રધાનની જેમ બીજી ઓક્ટોબરથી ઘરની સફાઈનું કામ શરૂ કર્યું છે તેમાં આ પસ્તી કાઢીને મને કહે જાવ આ ઘંટીએ જોખાવી આવો ત્યાં સુધી અમે ચા- નાસ્તો બનાવી દઈએ. મને નાહ્યા પછી તરત ચા પીવાની આદત એટલે હું સીધો તારા ગલ્લે આવ્યો.

નવનીતલાલ :- એ સારું કર્યું. મને પણ સ્પેશ્યલ ચા પીવા મળી. પણ કાકા, હવે એમના કચરો વાળતા ફોટા છાપામાં કેમ આવતા નથી. અરે અબ્દુલ. તેમને હજી ચા નથી આપી ?

અબ્દુલ:- આપુ, આપુ, તૈયાર જ છે.

કરશનભાઈ:- એમને એવું લાગ્યું હશે કે આવા ફોટાથી પ્રજાના જીવનમાં કંઈ અવળી કે સવળી કોઈ અસર થતી નથી. એટલે એવું કાંઈ થાય એવા બીજા મોટા મુદ્દા હાથમાં લીધા છે. ( ચા પીધા પછી ) તું ચા પી. હું આ છાપાં જોખાવીને, ઘેર મૂકીને અવાય તો આવું.

નવનીતલાલ:- તમે કામ પતાવીને આવો ત્યાં સુધીમાં મને એક કવિતા સ્ફુરી છે તે ટપકાવી દઉં. પછી તમે આવો એટલે સંભળાઉ.

કરશનભાઈ:- કામ ઘેર ઘણું છે ,કદાચ નાય અવાય. (જાય છે.)

નવનીતલાલ:- બોલ્યા, કામ ઘણું છે, કદાચ નાયે અવાય. અબ્દુલ, આ લોકો કવિતાથી આટલા ગભરાતા કેમ હશે ?

અબ્દુલ:- શી ખબર ? પણ સાચુ કહું ? મને તો તમારી કવિતામાં એક શબ્દની ખબર પડતી નથી.અને ધ્યાનથી વાંચું તો હમણા કીધી તેવી પડે છે.

નવનીતલાલ : કવિતામાં તો ઘણા બધાને આવુ જ રહેવાનું. કવિતામાં તો એકલા શબ્દો થોડા આવે છે? એમાં તો લય આવે , છંદો આવે, છંદની સફાઈ આવે . અરે સફાઈ પરથી યાદ આવ્યું ઘેર સફાઈ શરુ કરી છે ને મારે ઝાડુ લઈને જવાનું છે.

અબ્દુલ : ઝાડુ વેચાતું ના લેવું હોય તો આપણી પાસે બીજી ઓક્ટોબરના સ્વચ્છતા અભિયાનવાળા સાવરણા જથ્થાબંધ પડ્યા છે. કહેતા હોય તો એક આપું અનવનીતલાલ:- હા, હા, એ જ આપને. પણ.... બે નંગ હશે ?

અબ્દુલ: અરે બે શું બાર માગશો તો ય મળશે. આપણા દેશમાં નંગની ક્યાં કમી છે ?

નાવનીતલાલ: હા. એ ખરું કહ્યું તે !

( અબ્દુલ એક મોટો સાવરણાનો ભારે કાઢે છે. એમાંથી બે ઝાડુ નવનીતલાલને આપે છે. )

અબ્દુલ:- તમે ઘેર ઝાડુ લઈ જાવ ને સફાઈકામ શરૂ કરો. અહીં કોઈ ના આવે તો હું જ 'મનના ઉમંગો' વાંચું, જોઉ તો ખરો એમાં મારા જેવા સામાન્ય માણસની વાત આવે છે કે નહીં ?